સને ૨૦૨૬-૨૭ ના વર્ષના અંદાજપત્રમાં વિભાગની કો.સેલ શાખા તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાઓને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/BUD/e-file/17/2026/0768/Computer Cell

સચિવાલય, ગાંધીનગર.

તા.મંજૂર થયા મુજબ

વંચાણે લીધો:

(૧) આ વિભાગની બજેટ શાખાનો ઇ-મેઇલ પત્ર, તા.03/03/૨૦૨૬

**ઠરાવ :**

આ વિભાગની બજેટ શાખાના ઇ-મેઇલ તા.03/03/૨૦૨૬ના ઈ-મેઈલ પત્રથી સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ કરેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે.

આ વિભાગ હસ્તકના વિભાગની કો.સેલ શાખા તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાઓને સંબંધિત ચાલુ બાબતની જોગવાઈઓ કે જેનો સમાવેશ વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તેવી કુલ રૂ.૨.૧૨ કરોડની યોજનાઓને, આ સાથે સામેલ Statement-A મુજબ, નીચે દર્શાવેલ શરતોને આધીન, વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ થી કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ

પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) C.M.Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ સાથે સામેલ રાખેલ Statement-A માં દર્શાવેલ ચાલુ બાબતો માટે આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી(સા.ન્યા.)ની મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રશાંત એચ. ખખ્ખર)

ઉપસચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: Statement-A

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Prashant Khakkar
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.04.07 11:07:32 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી(રોકડ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલ્ય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેકટ ફાઈલ-૨૦૨૬.